# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૭૬-A તા.૨૭-૧૨-૨૦૨૪**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- પક્ષી બચાવ જનજાગૃતિ અભિયાનમાં ચલાવવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સ્ટે.કમિટી ઠરાવ નં.૧૨૫૫/૨૦૨૩-૨૪ ઠરાવ અન્વયે જણાવવાનું કે, ઉત્તરાયણ દરમ્યાન અને ઉત્તરાયણ પછી ઉપયોગમાં લેવાયેલ દોરીથી મોટી માત્રામાં પક્ષીઓ ઘાયલ થતા હોય છે. ઉત્તરાયણ બાદ ધાબા પર,ખુલ્લા મેદાનમાં, વૃક્ષો પર દોરી લટકતી જોવા મળે છે. આવી દોરીઓ પક્ષીઓ માટે જીવલેણ અને ઘાતક નિવડે છે. ઉકત ઠરાવ મુજબ TRUST PAPA અમદાવાદ દ્વારા ઉત્તરાયણ બાદ આવી લટકતી અને નકામી દોરી ભેગી કરી તેને પર્યાવરણને નૂકશાન ન થાય તથા સંપૂર્ણપણે રીસાયકલ કરે છે.

મ્યુનિ. શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળીને નકામી દોરી એકઠી કરી અત્રેની કચેરી દ્વારા જણાવવામાં આવેથી ઝોન દીઠ એક સ્થળ નકકી કરી ગત્ વર્ષની જેમ કાર્યક્રમ યોજવાનું નકકી કરવામાં આવશે. આવા સ્થળ પર શાળાકક્ષાએથી દોરી મોકલી આપવી. જયાં વિધિસર આવી દોરીનો નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રેમ જાગે, જીવદયાના મૂલ્યોનો વિકાસ થાય અને વિદ્યાર્થીઓમાં પક્ષી પ્રેમ જાગે અને સમાજમાં પર્યાવરણના સંરક્ષણનો ઉમદા સંદેશો પહોંચે તે માટે અભિયાનમાં સહભાગી થવા જણાવવામાં આવે છે.

તા.૨૭-૧૨-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી